# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઇન્સ સુરત- ૩૯૫૦૦૧

ફોન નંબર-0261-2662902, suratdeo@gmail.com , web :-www.suratdeo.org

જા.નં. મા-૨/૨૦૨૬/ તા.૦૬/૦૮/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક શાળાઓ તમામ,
જિ.સુરત

**વિષય :-** 'હર ઘર તિરંગા–(Har Ghar Tiranga-HGT) ૨૦૨૬' ઝુંબેશના સફળ અમલીકરણ અને શૈક્ષણિક સંસ્થાઓમાં ઉજવણી કરવા બાબત

**સંદર્ભ :-** પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,ગાંધીનગરના તા. 05/08/૨૦૨૬ ના પત્ર અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ભારત સરકાર દ્વારા આયોજિત "હર ઘર તિરંગા–૨૦૨૬" ઝુંબેશના સફળ અમલીકરણ માટે તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં રાષ્ટ્રીય ધ્વજ પ્રત્યે ગૌરવ, દેશપ્રેમ અને રાષ્ટ્રીય એકતાની ભાવના વધુ મજબૂત થાય તે હેતુથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવાનું રહેશે.

આથી તમામ શાળાના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે તા. ૦૨ ઓગસ્ટ, ૨૦૨૬ થી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન ભારત સરકાર તથા રાજ્ય સરકારની માર્ગદર્શિકા મુજબ હર ઘર તિરંગા ઝુંબેશ અંતર્ગત નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન સુનિશ્ચિત કરવું.

1. શાળા પરિસરમાં રાષ્ટ્રીય ધ્વજનું ગૌરવપૂર્ણ પ્રદર્શન કરવું.
2. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને પોતાના નિવાસસ્થાને તિરંગો ફરકાવવા પ્રોત્સાહિત કરવું.
3. દેશભક્તિ ગીત, નિબંધ, વક્તૃત્વ, ચિત્રસ્પર્ધા, રંગોળી, ક્વિઝ વગેરે કાર્યક્રમોનું આયોજન કરવું.
4. સ્વચ્છતા, વૃક્ષારોપણ અને રાષ્ટ્રપ્રેમ આધારિત જનજાગૃતિ પ્રવૃત્તિઓ યોજવી.
5. વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય ધ્વજના સન્માન અને *Flag Code of India* અંગે માહિતગાર કરવા વિશેષ માર્ગદર્શન આપવું.
6. આયોજિત કાર્યક્રમોના ફોટોગ્રાફ્સ તથા અહેવાલ નિયત સમયમર્યાદામાં સંબંધિત કચેરીને મોકલવા.

ઉપરોક્ત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરી હર ઘર તિરંગા–૨૦૨૬ ઝુંબેશને સફળ બનાવવા જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

/0152/08/2026 Approved Date: 05-08-2026 06:14

ક્રમાંક:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૬/
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. /૦૮/૨૦૨૬

પ્રતિ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય:-** 'હર ઘર તિરંગા (Har Ghar Tiranga - HGT) ૨૦૨૬' ઝુંબેશના સફળ અમલીકરણ અને શૈક્ષણિક સંસ્થાઓમાં ઉજવણી કરવા બાબત.સ

**સંદર્ભ:-** અધિક સચિવશ્રી, શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંક:- ED/MIS/e-file/3/2026/4662/V-2, તા.03/૦૮/૨૦૨૬

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલયનો તા.૧૪/૦૭/૨૦૨૬નો પત્ર ક્રમાંક:D.O. No.42- 22/119/2022-AKAM(Pt.II), જણાવવાનું કે, ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં તા.૦૯ થી ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન 'હર ઘર તિરંગા (HGT) ૨૦૨૬' ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ છે. આ વર્ષે રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ્" ની ઉજવણીના ૧૫૦ વર્ષ પૂર્ણ થતાં હોઈ, આ વખતની ઝુંબેશમાં તિરંગા લહેરાવવાની સાથે "વંદે માતરમ્" ના સામૂહિક ગાન ને મુખ્ય આકર્ષણ તરીકે સાંકળી લેવામાં આવેલ છે.

(૧) તિરંગા રેલી અને વંદે માતરમ ગાન: તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સહભાગીદારીથી તિરંગા રેલીઓ/સાયકલ રેલીઓનું આયોજન કરવું. રેલીની શરૂઆતમાં "વંદે માતરમ્" નું સામૂહિક ગાન ફરજિયાતપણે કરાવવું.

(૨) કેમ્પસ આર્ટ અને સુશોભન: તમામ શાળા-કોલેજોના પરિસરની દીવાલો પર તિરંગા થીમ આધારિત ચિત્રકામ Wall નેઓના વિચારો Art), સ્વાતંત્ર્ય સેનાનિઓના વિચારો અને "વંદે માતરમ્" ની પંક્તિઓનું પ્રદર્શન/સુશોભન કરાવવું.

(3) સ્વાતંત્ર્ય દિનની ઉજવણી (૧૫મી ઓગસ્ટ): ૧૫મી ઓગસ્ટના તમામ શૈક્ષણિક કાર્યક્રમોમાં ધ્વજવંદનની સાથે "વંદે માતરમ્" ગાનનો સમાવેશ કરવો.

(૪) ડિજિટલ અભિયાન (Selfie with Tiranga): તમામ શિક્ષકો, અધ્યાપકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને પોતાના ઘરે તિરંગા સાથેની સેલ્ફી www.harghartiranga.com પોર્ટલ પર અપલોડ કરવા પ્રોત્સાહિત કરવા (જેના પર'વંદે માતરમ્' ની પંક્તિઓ આપોઆપ પ્રિન્ટ થશે).

(૫) તિરંગા પ્રદર્શન: પોર્ટલ પર ઉપલબ્ધ 'તિરંગા પ્રદર્શન' (Tiranga Exhibition) ડાઉનલોડ કરી સંસ્થાઓમાં જાહેર પ્રદર્શન ગોઠવવું.

ઉકત બાબતે આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

બિડાણ:- ઉપર મુજબ

<u>નકલ સવિનય રવાના:-</u>
માન. અધિક સચિવશ્રી, શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫/૮, નવા સચિવાલય, ગાંધીનગર